# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2021

तृतीय वर्ष अभ्यासक्रम-८ | જાન્યુવરી

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૦

૧. સાધક જીવ........................... નું કાર્ય કઇ રીતે સિદ્ધ કરી શકે છે.
૨. કેવલજ્ઞાન ને .................. ની ઉપમા ફક્ત વ્યવહાર થી આપે છે.
૩. શાંકભરી નગરી માં કોઇ પણ કારણે કુપિત થયેલી શાકિનીએ.................... નો ઉપદ્રવ ફેલાવ્યો.
૪. નિર્ગંથગચ્છનું છઠ્ઠું નામ ............. છે.
૫. પ્રભુભક્તિ નું તત્વ................... ના રચેલા સ્તવનાદિ સાહિત્ય માં ઘૂંટાતુ જોવા મળે છે.
૬. કેવલજ્ઞાની ભગવંત કેવલી સમુદ્‌ઘાત કરતો હોય ત્યારે બીજા, છઠ્ઠા અને સાતમા સમયે.............. યોગ હોય છે.
૭. બધા................. નું શમન કરનાર એવા શ્રી શાંતિનાથ ને નમસ્કાર હો.
૮. નારકી ના જીવો ક્યારે પણ એકેન્દ્રિય યા....................... માં નજ જાય.
૯. શ્રી યશોવિજયજી ગણિવરે ઢગલાબંધ.................. સહિત ગ્રંથો રચ્યા છે.
૧૦. કાળ ની...................... થાય ત્યારેજ કાર્ય ની સિદ્ધી થાય છે.
૧૧. પાપોદયે ક્યારેક અયોગ્ય....................... કરવું પડે ત્યારે અંતરમાં અત્યંત દુઃખ અને વેદના હોય છે.
૧૨. અનેક પ્રકાર ની રુઢિઓ માન્યતાઓ ને.................... કસોટી પર કસી તેના સ્વીકાર કે અસ્વીકાર નો નિર્ણય કર્યો.
૧૩. નામ મંત્રવાળા વાક્ય પ્રયોગો વડે તુષ્ટ કરાયેલી.................... લોકો નું હિત કરે છે.
૧૪. કેવલી ભગવંતો ને કેવલી સમુદ્‌ઘાત પછી ત્રીજુ.................... નામ નું શુક્લધ્યાન હોય છે.
૧૫. "અધ્યાત્મસાર" અને કર્મપ્રકૃતિ ની.................. અત્યારે પણ ગુજરાત ના વિવિધ જ્ઞાન ભંડારો માં સચવાયેલી છે.
૧૬. પરવંચના થી જગતની................ વ્યવસ્થાની દૃષ્ટિમાં ધૂળ નાંખી શકાતી નથી.
૧૭. ઉપશમ સમ્યકત્વના કાલમાં જીવને....................... તત્વોં પર દૃઢ અને અચલ શ્રદ્ધા થઇ જાય છે.
૧૮. પ્રાયઃ બધા ગચ્છો ના મુનિઓ શિલિાચાર માં સરી પડીને................... ની સ્થિતિએ પહોંચી ગયા હતા.
૧૯. જીવ...................... તીર્થંકર નામકર્મ ના ઉદયથી કેવલી બની ને જગત્પતિ બને છે.
૨૦. નિયતિવાદ ની પ્રરુપણા કરી ની મંખલીપુત્ત ગોશાળાએ.................. મત પ્રવર્તાવ્યો.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. ચરમાવર્તન પામેલા ભવ્ય જીવને મોક્ષ પ્રાપ્તિ માટે શું હોવી જ જોઇ એ ?
૨. કોની અનુજ્ઞા થી શ્રી યશોવિજયજી મ.સા. ને ઉપાધ્યાય પદ થી અલંકૃત કર્યા ?
૩. કોના ચરણ ના પ્રક્ષાલનજલ થી મહામારી નો ઉપદ્રવ શાંત થઇ ગયો ?
૪. કેવલજ્ઞાન થી શું શું પ્રકાશિત થાય છે ?
૫. યોગીઓ ના સ્વામી કોણ છે ?
૬. ગતિ કોના અનુસારે મળે છે ?
૭. મોક્ષ પ્રાપ્તિ માટે અનુકુલ કાળ કયોં છે ?
૮. જગચ્ચંદ્ર ગણિ એ કોની સેવા માં રહી ને જ્ઞાન સંપાદન કર્યુ ?
૯. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ને ગ્રંથીભેદ પછી પ્રથમવાર કયો ગુણસ્થાનક પ્રાપ્ત થાય ?
૧૦. કયા કારણ થી જીવને અયોગ્ય બાહ્યવર્તન કરવુ પડે ત્યારે અંતર માં અત્યન્ત દુઃખ થાય છે ?
૧૧. પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોં કયાં ઉત્પન્ન થાય છે ?
૧૨. કેવલી ભગવંત કયા કર્મો ની સ્થિતિ ને સમાન કરવા કેવલી સમુદ્‌ઘાત કરે છે ?
૧૩. કયા મહારાજા પાર્શ્વચંદ્રસૂરિ ના આજીવન ભકત હતા ?
૧૪. દેવાધિદેવ મહાવીર સ્વામી એ કોને ઉન્માર્ગ થી સન્માર્ગ ની તરફ વાળયો ?
૧૫. પૂ. યશોવિજયજી એ આગરા ના પ્રકાંડ વિદ્વાન ભટ્ટાચાર્ય ની પાસે શેનુ અધ્યયન કર્યુ ?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) અમર ૨) જંતિ ૩) મન્થાન ૪) સમન્વિત ૫) મહીપીઢે ૬) વપુર્યોગ ૭) મજ્જે ૮) નૂતા ૯) હસ્તસ્થ ૧૦) ભાસ્કર
૧૧) વિવખ્ખિયા ૧૨) તહેવ ૧૩) કત્વા ૧૪) સેસેસુ ૧૫) વણસ્સઇ ૧૬) લભતે ૧૭) કૃતતોષા ૧૮) સત્તગે
૧૯) યસ્ય ૨૦) શસ્યાય.

**પ્રશ્ન-૪ જોડકા જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) કર્મક્ષય | ૧) વીશસ્થાન | ૬) પૃથ્વીકાયાદિ દસ પદમા | ૬) અતિશય અગિયાર |
| ૨) છદ્મસ્થ સાધુ નું મનસ્થિર | ૨) તપાગચ્છ પ્રવર્તક | ૭) કેવલી સમુદ્ઘાત | ૭) ભાગ્ય |
| ૩) નિયતિ | ૩) વનસ્પતિકાય | ૮) વીરદત્ત | ૮) પર્યાપ્ત બાદર અપકાય |
| ૪) તીર્થંકર નામકર્મ | ૪) નાડૂલ | ૯) શ્રી જગચ્ચંદ્રસૂરિ | ૯) આઠ સમય |
| ૫) દેવતા ની ગતિ | ૫) આત્મવીર્ય | ૧૦) કષાયક્ષય | ૧૦) ધ્યાન |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. શ્રી સુધર્માસ્વામી ની પાટ પરંપરા માં શ્રી જગચ્ચંદ્રસૂરિ કેટલા માં પટ્ટધર હતા ?
૨. ઓષ્ટ્ય વ્યંજન કેટલા છે ?
૩. શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ નો દીક્ષા પર્યાય કેટલા વર્ષ નો હતો ?
૪. સામાન્ય કેવલી ની ઉત્કૃષ્ટ આયુષ્ય સ્થિતિ કેટલી હોય છે ?
૫. કેટલા ગોત્રો ના ક્ષત્રિયો એ જૈનધર્મ અંગીકાર કર્યું ?
૬. પૂ. યશોવિજયજી મ.સા. કયા સવંત માં દીક્ષા લીધી ?
૭. આ અભ્યાસ માં શાંતિનાથ ભ. ના કેટલા વિશેષણો જણાવ્યા છે ?
૮. જીવ ની શિવયાત્રા કેટલા સમવાય કારણ થી સફળ થાય છે ?
૯. કેટલા કારણ થી જીવ સમુદ્ઘાત કરતા હતા ?
૧૦. પર્યાપ્ત સંખ્યાત વર્ષ ની આયુષ્ય વાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય કેટલી નરકો માં ઉત્પન્ન થાય છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાક્યો સાચા (✓) છે કે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧. શાંકભરી નગરી માં કોઈ પણ કારણે કુપિત થયેલી ડાકિની એ મહામારી નો ઉપદ્રવ ફેલાવ્યો.
૨. આજ ના જીવો ના જીવન માં પુરુષાર્થ ની ગૌણતા શુભકાર્યો તરફ છે.
૩. માત્ર નવ વર્ષ ની વયે પાસચંદે નાગોરી તપાગચ્છ ના મણિરત્ન પાસે દીક્ષા લીધી.
૪. કેવળજ્ઞાન ને સૂર્ય ની ઉપમા નિશ્ચય-વ્યવહાર થી આપે છે.
૫. અશુભ કર્મ થી શુભગતિ ન મળે.
૬. યોગીશ્વર એવા શ્રી શાંતિ જિન ને નમસ્કાર હો.
૭. આ મહાત્મા ને પાટણ જઈ વિદ્યાભ્યાસ કરાવો તો જિન શાસન ને બીજા હરિભદ્ર સૂરિ મળશે.
૮. સ્વાધ્યાય અને કાયોત્સર્ગ તેમની પ્રમુખ સાધના હતી.
૯. પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, તેઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાય ને વિષે નિશ્ચયે દેવતા નું આવવું થાય છે.
૧૦. દરેક શુભકાર્ય માં યથાયોગ્ય પુરુષાર્થ તો થવો જ જોઇએ.

**પ્રશ્ન-૭ નીચેના વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. જ્ઞાનિઓએ જે કાળે આપણો મોક્ષ જોયો હશે તે કાળે જ આપણો મોક્ષ થવાનો છે.
૨. આ સમયે મુનિસમુદાય માં કાળબળે ક્રિયાશિથિલતા વ્યાપી રહી હતી.
૩. આખી નગરી સ્મશાન જેવી ભયંકર જણાવા લાગી.
૪. આત્મપ્રદેશો ફેલાવવા માં આવે તો કર્મ ની સ્થિતિ અલ્પ થઈ શકે છે.
૫. અન્ય કર્તુક ગ્રંથો ઉપર વૃતિઓ રચી છે.
૬. પોત પોતા ના સ્વભાવ અનુસાર સ્વયં નિયતિ બળ થી બને છે.
૭. તેઓ આગમ ના જ્ઞાતા અને તેના અર્થો ના મર્મજ્ઞ હતા.
૮. નિરય ઉવટ્ટા એએસુ, ઉવવજ્જંતિ ન સેસેસુ।
૯. કોઈક ઉદાત્ત જીવનકાર્ય તેમની પ્રતિક્ષા કરી રહ્યું હોય એમ બાળવયે જ તેમને સાધના નો પંથ પકડ્યો.
૧૦. વેદનીય અને આયુષ્ય કર્મ ની સ્થિતિ ને સમાન કરવા કેવલી સમુદ્ઘાત કરે છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) કાર્ય સિદ્ધિ ના કોઈ પણ ત્રણ કારણ ૨) ધનજી સુરા ની વિનંતી અને યશોવિજયજી ની જ્ઞાન સાધના.
૩) તીર્થંકર નામ કર્મ નો ઉદય અને એનો મહિમા ૪) પૃથ્વીકાયાદિ દસ પદો માં ઉત્પતિ.
૫) પાર્શ્વચંદ્રસૂરિ ની સાહિત્ય સાધના.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪